# ઓશવાળના અધિષ્ઠાત્રી (કુળદેવી)
# શ્રી સચ્ચિયાય માતા (ઓસિયાજી)




આશીવાદ દાતા :
પ.પૂ આ. શ્રી કલ્યાણસાગર સૂરીશ્વરજી મ.સા.
મુનિ શ્રી શિવસાગરજી મ. સા.

**કુળદેવીને રોજ જ સવાર - સાંજ પાણિયારે દીવો અને અગરબત્તી કરવા.**

# ઓશવાળના અધિષ્ઠાત્રી (કુળદેવી) શ્રી સચ્ચિયાય માતા (ઓસિયાજી)

## પ્રાસંગિક

આજે મોટા ભાગના ઓસવાળો પોતાની કુળદેવી ઓસિયાજી માતાને ભૂલી ગયા છે. આજના કળિયુગમાં સૌથી વધુ જલ્દી પ્રસન્ન થાય તો એ કુળદેવીછે. આજે કેટલા ઘરોમાં કુળદેવીના નામનો દીવો અને અગરબત્તી થાય છે ? દરેક ધર્મમાં કુળદેવીનું અનેરુ સ્થાન હોય છે. હિન્દુઓમાં તો કુળદેવીની ભક્તિ ઉપર વિશેષ ભાર મુકાયો છે. જૈન ધર્મ એ આર્ય દેશનો સૌથી પ્રાચીનત્તમ ધર્મ છે. જૈનો અને વૈષ્ણવો આદિમાં ઘણાં બધા દેવ-દેવીઓની સામ્યતા છે.તમે જેમ દર વર્ષે પાલીતાણા અચુક જ જાવ છો તે જ રીતે દર વર્ષે તમારે કુળદેવીના દર્શને સપરિવાર જવું જ જોઈએ. કુળદેવી એ કુળની સુરક્ષા કરનારી મહાશક્તિ સમ્પન્ન દેવી છે એ વાત કોઈ રીતે ભૂલાવી ન જોઈએ. શત્રુંજય માહાત્મ્યમાં પણ કહ્યું છે કે કુળદેવી ધર્મમાં સહાયક બને છે. કલ્પસૂત્રમાં પણ ઉલ્લેખ છે કે જયારે ભગવાન મહાવીર માતાના ગર્ભમાં હતા ત્યારે પોતાની માતાને દુ:ખ ના પહોંચે તે માટે હલન-ચલન કરવાનું બંધ કરી દે છે ત્યારે ત્રિશલામાતા વિલાપ કરતા કહે છે કે " સંકટ સમયે સહાય કરનારી કુળદેવીઓ તમે કયાં ચાલી ગઈ ?"

## ઓસવાળની કુળદેવી શ્રી ઓસિયાજી (સચ્ચિયાય માતા)

આજે કેટલા યુવાન-યુવતીઓને ખબર છે કે તેમની કુળદેવી કોણ છે? ઓસિયાજી માતાની અમદાવાદ શહેરમાં કેટલી જગ્યાએ સ્થાપના છે એનીકેટલાકને ખબર હશે? ઓસવાળ આપણે કઈ રીતે કહેવાયા? એ પણ બહુ ઓછાને ખબર હશે તેથી જ આપણો ભુલાયેલો ભવ્ય ભૂતકાળ તાજો કરવો પડશે. ઓસવાળો મૂળ તો રાજપૂતો (*સૂર્યવંશીય અને ચંદ્રવંશીય) હતા એની પણ બહુ ઓછાને ખબર હશે. સચ્ચિયાય માતા કહો કે ઓસિયાજીમાતા એ એકજ છે. હિન્દુઓ ચામુંડા માતા તરીકે એને પૂજે છે ને આપણે એને ઓસિયાજીમાતા તરીકે પુજીએ છે. ઓસિયાજી માતાની અમદાવાદ શહેરમા ચાર સ્થાને સ્થાપના છે. (૧) મુળ વડવાઓ રાજપૂતાનાથી આશરે ૫૦૦ થી ૬૦૦ વરસો પહેલા જે મૂર્તિ લઈને આવ્યા હતા તે, જે વાઘણ પોળમાં ઘરમાં પ્રતિષ્ઠિત છે. (૨) હઠીસિંહના દેરાસરમાં પ્રવેશ કરતા જમણા હાથે પ્રતિષ્ઠત છે. (૩) ફતાશા પોળમાં શ્રેયાંસનાથના દેરાસરમાં પ્રતિષ્ઠિત છે. (૪) રિલીફ રોડ પરના માણિભદ્રના દેરાસરમાં પ્રતિષ્ઠિત છે.

*ભરત મહારાજાના સુપુત્ર સૂર્યયશાના વંશજો સૂર્યવંશ અને બાહુબલી મહારાજાના સુપુત્ર ચંદ્રયશાના વંશજો ચંદ્રવંશ કહેવાય છે.

## શ્રી સચ્ચિયાય માતાનું સ્થાનક અને ઈતિહાસ

આજથી ૨૫૦૦ વર્ષ પૂર્વે (અર્થાત વીર સંવત ૧) ની આ ઘટના છે. ભારતના મરૂધરપ્રદેશ (આજનું મારવાડ) ના શ્રીમાળ નગરની આ વાત છે. એ સમયે નગરમાં મંદિરો માયા અને મદના ધામ બન્યાં હતા. યજ્ઞ અને દક્ષિણા એનાં મુખ્ય કાર્યો હતા. પોતાના પાપ ધોવા મુંગા પશુઓનો બલિ આપવાને ધર્મ માનવામાં આવતો હતો. સ્વર્ગ કે પુણ્યનું ભાથું બાંધવા માટે રોજે રોજ યજ્ઞો રચાતા હતા. એ યજ્ઞોની વેદી પર હજારો મુંગા જીવોની આહુતિ આપવામાં આવતી હતી. રાજાઓ નાની નાની લાલસાઓની તૃપ્તિ માટે સમરાંગણો જગાવી દેતા. ચારે વર્ણો ઊચ્ચ-નીચના ભાવથી પીડાતા હતા.માણસાઈની ત્યારે કોઈ કિંમત નહોતી. મરૂધરપ્રદેશની ભૂમી સંતાપથી તપતી હતી. માણસ પ્રારબ્ધના ખોળે જઈ બેઠો હતો. જે કાંઇ થાય છે તે પ્રારબ્ધથી થાય છે. એમ માનતો હતો. પ્રારબ્ધ પણ પુરુષાર્થથી ઘડાય છે. તેમ સ્વીકારતો નહોતો. માત્ર દેવી-દેવતા પાસે ખુશામત કરીને પોતાની લાલચ સંતોષતો હતો. વ્યસનોએ માઝા મુકી હતી. આવા કપરા સમયે શ્રીમાળ નગરના ઉત્પલદેવને ચામુંડામાતાએ સ્વપ્નુ આપ્યુ કે તમે મરુધર પ્રદેશની ઉજ્જડભૂમિ ઉપર ઉપકેશપુર વસાવો. ઉત્પલદેવ અને ઉહડમંત્રીએ શ્રીમાળનગરની બિરાજમાન ચામુંડામાતાની પ્રતિમાને લુદ્રવી ટેકરી ઉપર સ્થાપી અને ત્યાં હજારો ક્ષત્રિયો આવીને વસ્યા અને ઉપકેશપુર સમૃદ્ધ શહેર બની ગયું.

## ૧૪ પૂર્વધર આચાર્ય શ્રી રત્નપ્રભસુરીશ્વરજી

વૈતાઢય પર્વત ઉપર આવેલા શ્રી રથનૂપુર નગરના વિદ્યાધર મહેન્દ્રરાજાની રાણી લક્ષ્મીજીના કુખેથી પુત્રરત્ન રત્નચુડનો જન્મ થયો. યુવાન થતાં રાજકુમાર રત્નચુડનું પાણિગ્રહણ (લગ્ન) કરાવી, યોગ્ય સમયે રાજયાભિષેક કરાવી રાજસિંહાસને પ્રતિષ્ઠિત કર્યા.રત્નચુડ રાજા રાજ્યનું ન્યાય-નીતિથી પાલન કરવા લાગ્યા. એક વખત વિદ્યાચારણ મુનિ અને જંઘાચારણ મુનિ આવ્યા અને રાજાને કહેવા લાગ્યા કે ચાલો, આપણે તીર્થયાત્રાએ જઈએ અને રત્નચુડ રાજા વિમાનમાં તીર્થયાત્રાએ ઉપડયા.નન્દીશ્વર દ્વીપ આદિ શાશ્વત મહાતીર્થોની યાત્રા કરીને શ્રી ગિરિરાજ મહાતીર્થ ની યાત્રાએ જઈ રહ્યાં હતાં ત્યાં ભરઅટવીમાં વિમાન અટકી ગયું. રત્નચુડ રાજાએ જોયુ કે એક મહાન તપસ્વી મુનિ તપશ્ચર્યા કરી રહ્યા છે અને કાઉસગ્ગ ધ્યાનમાં છે. એ મુનિરાજ એટલે પાર્શ્વનાથ ભગવાન ના પાચંમા પટ્ટધર આચાર્ય ભગવંત શ્રી સ્વયંપ્રભસુરીશ્વરજી

મહારાજ સાહેબ, જેમની પાસે ધર્મોપદેશ  સાંભળવા સ્વયં ચક્રેશ્વરીદેવી, અમ્બિકાજી, પદ્માવતીજી અને સિદ્ધાયિકાજી આવતા હતાં. રત્નચૂડ મહારાજાએ વિમાનમાંથી નીચે ઉતરીને મુનિરાજને વંદન કર્યા અને પૂજ્યશ્રીના મસ્તક ઉપર થઈને જવાથી થયેલ આશાતનાની ક્ષમા માંગી મુનિરાજ પાસે ધર્મોપદેશ સાંભળીને અને સંસારની અસારતા જાણીને રત્નચુડ રાજાને વૈરાગ્ય આવે છે અને આચાર્યશ્રીસ્વયંપ્રભસૂરીશ્વરજીને પ્રાર્થના કરી કે" હે આચાર્ય ભગવંત! અમારા પૂર્વજ શ્રી ચન્દ્રચૂડ મહારાજા હંમેશા જે પરમ પ્રભાવક અને મહાચમત્કારી શ્રીપુરુષાદાનીય  પાર્શ્વનાથ ભગવંતની પ્રતિમાજી પૂજતા હતા, તે પ્રતિમાજી સાથે રાખીને મને દીક્ષા આપવાની કૃપા કરો. કારણકે આ મરકતમણિ રત્નના અત્યંત પ્રભાવિક  શ્રી  પુરુષાદાનીય પાર્શ્વનાથ ભગવંતના પ્રતિમાજીને શ્રી રાવણ મહારાજા હંમેશા પૂજતા હતા. અમારા પૂર્વજ શ્રી ચન્દ્રચૂડ મહારાજા શ્રીરામચંદ્રજીની સાથે યુદ્ધમાં તેમના પક્ષે હતા. શ્રી રાવણ મહારાજાના મૃત્યુ પછી શ્રી રામચંદ્રજીએ આ પ્રતિમાજી અમારા પૂર્વજ શ્રી ચન્દ્રચૂડ મહારાજને અર્પણ કરી હતી. આ પરમતારક દેવાધિદેવ શ્રી પુરુષાદાનીય પાર્શ્વનાથ ભગવંત પ્રત્યે મને અનન્ય ભક્તિભાવ છે.એ દેવાધિદેવની પૂજા-સેવા કર્યા વિના પચ્ચખાણ ન પાળવાનો (અન્ન-જળ ન લેવાનો ) મારો નિયમ છે. આ વિનંતી સાંભળીને આચાર્ય શ્રી સ્વયંપ્રભસૂરીશ્વરજીએ જ્ઞાનબળે જાણ્યું કે આ રાજા જો સાધુ બનશે તો જૈન શાસનને ખૂબ જ ગૌરવવંતુ બનાવશે અને જૈન શાસનના પરમે પ્રભાવક થશે. આમ પૂજ્યશ્રીએ રત્નચૂડ મહારાજાને દીક્ષાઆપી અને "રત્નપ્રભ " નામ અર્પણ કર્યુ. શ્રી રત્નચૂડ મહારાજાએ દીક્ષા લેતા પહેલા પોતાના જ્યેષ્ઠ પુત્ર રાજકુમાર શ્રી કનકચૂડનો અભિષેક કરાવીને, શુભ મુર્હુતે, શુભ હસ્તે રાજતિલક કરાવીને રાજસિંહાસને સ્થાપિત કર્યા. આમ રત્નચૂડ મહારાજાએ ૪૧ વર્ષની વયે ભગવાન મહાવીરના નિર્વાણ કાળ બાદ બાવન વર્ષ પછી દીક્ષા અંગીકાર કરી. રત્નપ્રભજી પોતાના વિનય, ઉત્કટ તપ, ત્યાગ વૈરાગ્ય, બુદ્ધિના પ્રતાપે અલ્પ સમયમાં જ શ્રુતજ્ઞાનના પારગામી થયા અને અનેક લબ્ધિઓ પ્રગટ થઈ આ જોઈને આચાર્ય શ્રી સ્વયંપ્રભસૂરીશ્વરજીએ શ્રી રત્નપ્રભજીને ૫૨ વર્ષની વયે આચાર્ય પદે વિભૂષિતકરી, સ્વપદે સ્થાપન કરીને આચાર્યશ્રીરત્નપ્રભસૂરીશ્વરજીના નામે ઘોષિત કર્યા. આમ આચાર્ય શ્રી રત્નપ્રભસૂરીશ્વરજી પાર્શ્વનાથ ભગવાનના છઠ્ઠા પટ્ટધર થયા.

એક દિવસ ચક્રેશ્વરી દેવીએ રત્નપ્રભસૂરીશ્વરજીને દર્શન  આપ્યા અને કહ્યુંકે "તમે મરુધરની પવિત્ર ભૂમી ઉપકેશપુર પધારો કેમ કે આપના પધારવાથી ત્યાં બહુ મોટો લાભ થશે!" એમ કહીને દેવી અદ્રશ્ય થઈ ગયા ચૌદ પૂર્વધારી શ્રી રત્નપ્રભસુરીશ્વરજીને પોતાના જ્ઞાન-ધ્યાન અને તપ-ત્યાગના પ્રભાવે જ્ઞાન થયું કે તેમણે ઉપકેશપુર જવું જોઈએ. આથી એમણે પોતાના ૫૦૦ શિષ્યો સાથે ઉગ્ર વિહાર કરીને વિ.સં. ૪૦ વર્ષ પૂર્વે મરુધર(ઉપકેશપુર) પધાર્યા. અહી આવીને તેમણે જોયુ કે અહીંના લોકો અજ્ઞાની અને ધર્મના નામે હિંસા કરવાવાળા હતા. મરૂધરપ્રદેશની આ લૂખીસૂકી ધરતીપર પોતાના ગુરુદેવને ધર્મોપદેશ માટે કેટકેટલાં કષ્ટો સહન કરવા પડયાં હતા તે શ્રી રત્નપ્રભસૂરીશ્વરજીની આંખો સામેથી પસાર થવા માંડયા. કયાંક હિંસા રોકવા જતાં ઝનૂનનો ભોગ બનવુ પડયું, કયાંક સત્યનો પ્રચાર કરવા જતાં સહન કરવું પડયું. આવી અનેક તાવણી વચ્ચે તેમણે આ ભૂમિ પરઆવીને કેટલાય આત્માઓને જગાડયા હતા. એમણે તીર્થંકર શ્રી પાર્શ્વનાથ ભગવાને પ્રબોધેલો અહિંસા, સત્ય, અસ્તેય, અને અપરિગ્રહનો માર્ગ લોકોને ચીધ્યો હતો. એમના ઉપદેશે અનેક માનવીઓને હિંસા, જૂઠ, ચોરી અને અપરિગ્રહમાંથી મુક્ત કર્યા હતા. શ્રી રત્નપ્રભસૂરીશ્વરજીને ગુરુની અડગતાનું સ્મરણ થવા લાગ્યું. ખુદ પોતે પાંચસો મુનિઓ સાથે મરુધર (ઉપકેશપુર) આવ્યા તો ખરા, પણ ડગલે ને પગલે આફત અને આપત્તિ જ દેખાય. જ્યાં ઘેરઘેર માંસ-મદિરાના ધામ હોય, ત્યાં મુનિઓને યોગ્ય ભિક્ષા પણ કયાંથી મળે ? હજુ અહી ભગવાન મહાવીરના સિદ્ધાંતોની અમૃતવર્ષા થઈ ન હતી.અહી તો વામમાર્ગીઓ અને કૂંડાપંથીઓનો જ પ્રચાર હતો. પગપાળા ચાલી આવતા સાધુઓના સમુદાયના સંયમ અને ચારિત્રને જોઈને મરુધર(ઉપકેશપુર) વાસીઓ એમને વંદન કરે અને પોતાને ત્યાંથી ભિક્ષા ગ્રહણ કરવા કહે. નગરમાં સાધુઓ ઠેર ઠેર ભિક્ષા માંગવા જતા પણ એમને ગોચરી યોગ્ય આહાર સાંપડયો નહી. નગરજનોએ ક્યારેય આવા જૈન સાધમુનિઓ જોયા નહોતા તેથી એમના આહાર અંગે સાવ અજાણ!  કરેય શું ? પાંચસો સાધુઓ માટે આવો આહાર પણ મળે પણ કયાંથી ? અંહીના લોકો યજ્ઞમાં પશુવધ કરીને તેનો બલિ ચડાવીને દેવ-દેવીઓને સંતુષ્ટ રહે તેવી ભ્રામક માન્યતાઓમાં રાચતા હતા. યજ્ઞમાં હોમાયેલ પશુના માંસને તેઓ પ્રસાદ તરીકે આરોગતા અને મદ્યપાન ના કરીએ તો યજ્ઞનો તથા દેવ-દેવીનો અનાદર કરવાથી દેવ-દેવી અપમાનિત થાય

અને કોપાયમાન થાય તેથી દુષ્કાળ, ભૂકંપ અને મહારોગો જેવી આપત્તિઓ અને ઉપસર્ગોનો ઉદ્દભવ થાય તેવું માનતા હતા. અનાચાર એ જ આચાર અને હિંસા એ જ જીવન તેમ માનતા હતા. જે નગરમાં વામપંથીઓ પૂજામાં જ માનવ કે પશુરકત વહાવતા હોય, ત્યાં આવુ જ સંભવે ને વળી આ કોઇ એક-બે સાધુજનનો સવાલ ન હતો પણ પુરા પાંચસો સાધુઓની વાત હતી. આવી વિપરીત અવસ્થા અને વિપરીત વાતાવરણ જોઇ આચાર્ય શ્રી રત્નભસૂરીશ્વરજી લુદ્રવી ટેકરીપર જ્ઞાન-ધ્યાન અને તપશ્ચર્યામાં લીન થઇ ગયા. આચાર્ય ભગવંત અને મુનિવરોને એક માસ સુધી સાધુધર્મને યોગ્ય આહાર ન મળતો હોવાથી બધા જ મુનિરાજોને એક માસના ઉપવાસ થઇ ગયા. આ જોઇને આચાર્ય ભગવંત અને મુનિવરો અહીંથી વિહાર કરવાનું વિચારે છે. આ પરિસ્થિતિ પોતાના જ્ઞાનબળથી જાણીને ઉપકેશપુરના અધિષ્ઠાત્રી શ્રી ચામુંડાદેવી વિચારે છે કે શ્રીચક્રેશ્વરીદેવીના શુભ સંકેતથી આચાર્ય ભગવંત અંહી પધાર્યા છે. અને પારણું કર્યા વિના અને આમ જ ચોવિહાર ઉપવાસ કરતા જ આ મહાનગરીમાંથી અન્યત્ર વિહાર કરે તે મારા માટે મહાકલંક અને અભિશાપરૂપ ગણાય. આમ વિચારીને ચામુંડાદેવી આચાર્યશ્રી પાસે પ્રગટ થયાં ને આચાર્યશ્રીને વિનંતીકરીને કહ્યું કે **"મહારાજ ! આ ક્ષેત્રને આપે પાવન કર્યુ છે તો એને આપનો લાભ મળ્યા વિનાનું રહેવા દો તો કેમ ચાલે ? આપ અંહી જ ચાર્તુમાસ કરો,કેમ કે આપના હાથે અંહી બહુ જ મોટો ઉપકાર થવાનો છે."** આમ ચામુંડાદેવીની વિનંતી સાંભળીને આચાર્યશ્રીએ મુનિવરોને જણાવ્યું કે "આ મહાનગરના અધિષ્ઠાત્રી શ્રી ચામુંડાદેવીએ મને અત્રે જ ચાર્તુમાસ કરવાની વિનંતી કરીને જણાવ્યું છે કે અંહી સ્થિરતા કરવાથી જૈન શાસનને ઘણો લાભ થશે. તેથી મેં તો અહીં જ ચાતુર્માસ કરવાનો નિર્ણય કર્યો છે. જેને ચાર માસના ચોવિહારા ઉપવાસ કરવાની શક્તિ અને ભાવના હોય તે જ મારી સાથે રોકાય. " આમ ૫૦૦ માંથી ૪૬૫ શિષ્યો વિહાર કરીને કોરંટપુર આદિ નગરમાં ગયા અને આચાર્યશ્રીએ ૩૫ સાધુઓ (૭ બાળ મુનિ સહિત) સાથે ત્યાંજ ચાર્તુમાસ કરવાનો નિર્ણય કર્યો. આ સમયે અહીંના રાજા ઉત્પલદેવના પટ્ટરાણી શ્રીમતી જવાલાદેવીની કુખેથી જન્મેલ રાજકુમારી સૌભાગ્ય સુંદરીનુંલગ્ન ઉત્પલદેવ રાજાના મિત્ર અને રાજ્યના મહામંત્રી શ્રી ઉહડદેવના પુત્ર ત્રિલોકયસિંહજી સાથે થયુ હતું. લગ્નના થોડાક સમય બાદ એક રાત્રે

"પીના" નામના સર્પના કરડવાથી ત્રિલોકયસિંહજી બેહોશ થઇ ગયા. આ આશ્ચર્યજનક અને કરુણ ઘટના સાંભળીને રાજયની પ્રજા તથા રાજ પરિવાર વિલાપ કરવા લાગ્યો અને નગરમાં હાહાકાર થઇ ગયો. મહારાજા ઉત્પલદેવ, મહામંત્રી શ્રી ઉહડદેવ, સેનાપતિ, પ્રમુખ નગરજનો એકત્રિત થઇને શ્રીત્રિલોકયસિંહજીનું વિષ ઉતારવા ધૃતપાન, સુવર્ણ ઉકાળેલ જળપાન, મણિ, મન્ત્ર, ઔષધિ, ગુટિકા સહિત અનેક ઉપાયો અજમાવે છે, પણ બધા જ ઉપાયો નિષ્ફળ નીવડે છે. મન્ત્રવાદીઓ પણ વિષ ઉતારી ન શકવાથી રાજા શ્રી ઉત્પલદેવ, જમાઇ શ્રીત્રિલોકયસિંહજીનું વિષ ઉતારનારને અર્ધુ રાજ્ય આપવાની જાહેરાત કરે છે. આ બાજુ ત્રિલોકયસિંહજીનું શરીર લીલુ પડતુ જાય છે અને મુખમાંથી ફીણ નીકળે છે. આમ પતિની બચવાની એક પણ આશા ના દેખાતી જોઇ શ્રી ત્રિલોકયસિંહજીના પત્ની સૌભાગ્યસુંદરી સતી થવા તૈયાર થઇ ગયા. આ વાત રત્નપ્રભસૂરીશ્વરજીએ પણ સાંભળી. આ બાજુ રાજ્યના લોકો રાજકુમાર ને મૃત સમજી તેને સ્મશાન લઇ જવાની તૈયારી કરવા લાગ્યા. સામેથી એક મુનિરાજને આવતા જોઇને ઉત્પલદેવ રાજાએ સઘળી બીના કહી ત્યારે મુનિરાજે કહ્યું કે આ રાજકુમાર તો જીવીત છે ફકત મુર્છીત થયા છે. એમને અમારા ગુરૂદેવ શ્રી રત્નપ્રભસૂરીશ્વરજી પાસે લઇ જાઓ. એ પછી બધા ત્યાંથી બેહોશ રાજકુમાર ને લઇને રત્નપ્રભસૂરીશ્વરજી પાસે આવ્યા. આચાર્ય શ્રીરત્નપ્રભસૂરીશ્વરજીએ મંત્રથી પાણીને મંત્રીત કરીને રાજકુમાર ઉપર છંટકાવ કર્યો તરત જ રાજકુમાર આળશ મરડીને ઉભો થયો. આ જોઇને રાજા, પ્રજા,શેઠ, શાહુકાર સહુ ખુબ જ આનંદિત થઇ ગયા અને આચાર્યશ્રીની સેવામાં લાગી ગયા. આમ પોતાના જમાઇને જીવિત થયેલા જોઇને રાજા શ્રી ઉત્પલદેવ આચાર્યશ્રીને પોતાની ઘોષણા મુજબ અર્ધુ રાજ્ય સંભાળવાની કૃપા કરવા વિનંતી કરી અને કહ્યું કે "હે પૂજયપાદ આચાર્ય ભગવંત । મારું અર્ધ રાજ્યસ્વીકાર કરી મને ઉપકૃત કરો. જેથી હું ઋણ મુકત બનું તથા વચનમુકત થાઉ." આ જોઇ આચાર્યશ્રી એ ઉત્પલદેવ રાજાને કહ્યું કે **"હે રાજન આપના રાજ્યથી પણ ઘણું વિશાળ રાજ્ય મારા પિતાનું હતું. તે બધું છોડીને હું મારા ગુરુના સદુપદેશથી અચિન્ત્ય પ્રભાવક અને અજોડ એવા જૈન ધર્મને પામ્યો છું એનાથી ઉત્તમ મને કાંઇ પણ લાગતુ નથી. વળી જૈન સાધુ તો સર્વથા અકિંચન હોય છે. તેણે તો મોહ-માયાનો હંમેશ ત્યાગ કરી દીધો હોય છે.એથી મને કશું જોઇતું નથી"** આ જોઇ રાજાએ આચાર્યશ્રીને વિનંતી કરી "હે આચાર્યશ્રી । આપ મારા રાજભવનમાં પધારો અને ત્યાં થોડા દિવસ

સ્થિરતા કરીને, ભોજન આદિનો લાભ આપીને મને ઉપકૃત કરો, જેથી મારું કલ્યાણ થાય." આ સાંભળી આચાર્યશ્રીએ કહ્યું કે **" હે રાજન । જૈનમુનિવરોથી ગૃહસ્થના નિવાસસ્થાનમાં રહેવું કે પાટલે બેસી ગૃહસ્થના ઘરમાં ભોજન કરવું એ જૈનાચારથી વિરૂદ્ધ હોવાથી ત્રણ કાળમાં પણ એ શકય નથી "** આમ આચાર્યશ્રીની નિઃસ્પૃહતા જોઈ રાજા આચાર્યશ્રીને જૈન ધર્મ વિષે જ્ઞાન આપવા વિનંતી કરે છે. જયારે ઉત્પલદેવ રાજાને બીજા ૩૫ મુનિવરો (૭ બાળમુનિ સહિત) ના પણ ચોવિહારા ચારમાસના ઉપવાસની જાણ થાય છે. ત્યારે આશ્ચર્યચકિત થઇ જાય છે. અને જૈન ધર્મ સામે આદરથી મસ્તક ઝુકાવી દે છે. પંચમહાવ્રત ધારક અને પંચાચાર પાલક બાળ જૈન મુનિઓની સમતા, દ્રઢતા, વિનય અને જૈનધર્મ પ્રત્યેની આસ્થા જોઇ જૈન ધર્મ અંગીકાર કરવા તૈયાર થઇ જાય છે. આમ ચૌદ પૂર્વધારી આ. શ્રી રત્નપ્રભસૂરીશ્વરજીએ એમને ઉપદેશ આપીને. માંસ-મદિરાનો ત્યાગ કરાવીને સમકિતધારી બનાવ્યા અને મંદિરમાં પશુબલિ ચડાવવાની પ્રથા બંધ કરાવી આમ ભગવાન મહાવીરના નિર્વાણના ૭૦ વરસ બાદ (વિ.સ. ૪૦૦ વરસ પૂર્વે) શ્રાવણ સુદ ૪ના શુભદિને ઉપકેશપુર માં મહાજનસંઘની સ્થાપના કરી તથા શ્રાવણ વદ ૧૩ના રોજ લગભગ એક લાખ પચીસ હજાર ક્ષત્રિય રાજપૂતોએ જૈન ધર્મ અંગીકાર કર્યો. એમાં કેટલીક કોમ રાજપુતોની જેમ હતી તેમ જ જૈન ધર્મમાં સ્થાપિત કરી. જેવી કે તાકોટા, બાફના, નાહટા, જાંઘડા, કર્ણાવટ, બલા, રાંકા, ભારૂ, કુંભટ, શેઠ મોરખ, પોકરણા, કુલહટ, વીરહટ, ભૂરંડ, શ્રીશ્રીમાલ,. શ્રેષ્ઠી, ભંડારી, સમદરિયા, ડીડુ, ચિચંટ, કનોજિયા, રાઠોડ, દેશલહરા, લઘુ, વૈધ, મહેતા, આદિત્યનાથ, ચોરડિયા, પારેખ, ગાદિયા, મનસુખા, સંચેતી, ભુરી, બોવડા, કોચર, ભણશાળી આદિ ૪૮કોમોને જૈનધર્મ અંગીકાર કરાવીને એક મહાન કાર્ય સિદ્ધકરીને જૈનધર્મનું નામ ઉજ્જવળ કર્યું. આવા લોકો મહાજન તરીકે ઓળખાવા લાગ્યા આ મહાજન સંઘનાં ઓસવાલ, શ્રીમાળ તથા પોરવાલ જાતિના પણ અનેક લોકો સામેલ હતા. આ મહાજનો ઉપકેશ નગરીના હોવાથી ઉપકેશીય અથવા ઉકેશ વંશના કહેવાતા હતા. પ્રાચીન સાહિત્યમાં ઉપકેશવંશને ઉએશ, ઉકેશ, ઉકેશી, ઉકેશીય, કે ઉપકેશને નામે ઓળખાતા હોવાના ઉલ્લેખો છે. જે સમય જતા ઓસ અથવા ઓસવાળ તરીકે પ્રસિદ્ધ થયા. એમનું કાર્ય એટલું બધું પ્રભાવશાળી રહ્યું કે એમનો સમુદાય ઉપકેશ ગચ્છ તરીકે ઓળખાવાલાગ્યો. આમ આચાર્યશ્રીએ માત્ર ઓસ વંશની સ્થાપના

તો કરી સાથે એના પ્રથમ અઢારગોત્રની પણ સ્થાપના કરી. જે આ મુજબ છે. (૧) પરમાર (૨) સિસોદિયા (૩) રાઠોડ (૪) સોલંકી (૫) ચૌહાણ (૬) સાંખલા (૭) પરિહાર (૮) બોરા (૯) દરિયા (૧૦) ભાટી (૧૧) મોયલા (૧૨) ગોયલ (૧૩) મકવાણા (૧૪) કચ્છ (૧૫) ગૌડ (૧૬) ખખ્ખર (૧૭) બરાર (૧૮) સૌંખ. એમના ભવ્ય જીવન ઉપર નજર નાંખીએ તો જણાશે કે **આ મહાપ્રભાવક આ શ્રી રત્નપ્રભસૂરીશ્વરજીની પ્રેરણાથી એક સમર્થ જાતિના બીજ રોપાયાં.** આ સમયે ઉત્પલદેવરાજાના મંત્રી ઉહડ કૃષ્ણમંદિરનું નિર્માણ કાર્ય કરાવી રહ્યાં હતા. કહે છે. કે મંદિરના જેટલો ભાગ દિવસના બનતો તેટલો જ રાતે પડી જતો. ઉહડમંત્રીએ આ વાત આ. શ્રી રત્નપ્રભસૂરીશ્વરજીને કહી. આથી આચાર્ય શ્રી રત્નપ્રભુસૂરીશ્વરજીએ ત્યાં ભગવાન મહાવીર નું મંદિર બનાવવાનો નિર્દેશ કર્યો. આ. શ્રી રત્નપ્રભસૂરીશ્વરજીની આજ્ઞા અનુસાર અહીં ભગવાન મહાવીરના મંદિર બનાવવામાં આવ્યું અને મંદિરની એક પણ કાંગરી પણ ખરી નંહી. હવે ચામુંડાદેવીનો પ્રત્યક્ષ પ્રભાવ દેખો કે લુદ્રવી ટેકરી પાસે કેરડાના વૃક્ષ પાસે ઉહડમંત્રીની ગાય દરરોજ આવતી અને તેના ચારેય સ્તનમાંથી આપોઆપ દુધ ઝરતુ. આ વાત ઉહડ મંત્રીના જાણવામાં આવતાંતેમણે આ. શ્રી રત્નપ્રભસુરીશ્વરજીને કરી.આ.શ્રીના આદેશ અનુસાર અંહી ખોદકામ કરતાં ભગવાન મહાવીરની મૂર્તિ મળી. પરતું સમય કરતાં. પહેલામૂર્તિને બહાર કાઢવાથી મૂર્તિના સ્તનો ઉપર બે ગાંઠો રહી ગઇ હતી ત્યારે ચામુંડામાતાએ પ્રગટ થઇને આચાર્યશ્રીને વિનંતી કરી કે **"દુધ અને રેતીથી મેં બનાવેલ ભગવાન મહાવીરની પ્રતિષ્ઠા ખુબ જ ધામધૂમથી કરો."** આમ દેવીનો અદભૂત પ્રભાવ દેખીને આચાર્યશ્રી રત્નપ્રભસૂરીશ્વરજી મહારાજે કહ્યું કે **"હે ચામુંડા ! તું સચ્ચી મા છે. એટલે આ ઓસિયામાં તું સચ્ચિયાય માતાના નામથી સંસારમાં હરહમેંશ પૂજાઇશ."** આ દિવસથી ઓસિયાજી (ચામુંડા)માતાને સચ્ચિયાય માતા કહે છે. કોરટા અને ઓસિયા બનેંમા એક જ દિવસે એક જ મુહુર્તમાં એકજ સાથે જ ચૌદ પૂર્વધારી આ. શ્રી રત્નપ્રભસૂરીશ્વરજીએ માતાજીની સ્થાપના કરી જે એક અનોખી ઘટના હતી.વીર સં ૭૦ના મહાસુદ ૫ ના રોજ મહાવીર સ્વામી ભગવાનના મંદિરની પ્રતિષ્ઠા કરી. આ શ્રીરત્નપ્રભસૂરીશ્વરજી વીર સંવત ૮૪ ના મહા સુદી પૂનમના

સિધ્ધાચલ (પાલીતાણા) પર ૮૪ વરસનું આયુષ્ય પૂર્ણ કરીને સ્વર્ગે સિધાવ્યા. પોતાના જીવન દરમ્યાન એમણે જુદી જુદી જાતિના કેટલાય લોકોને જૈન ધર્મનો બોધ આપ્યો. એ સમયની પટ્ટાવલીઓ ગવાહી પુરે છે કે આવી રીતે જૈનધર્મ અંગીકાર કરનાર ક્ષત્રિયોની સંખ્યા ૩,૮૪૦૦૦ હતી.

# સચ્ચિયાય માતાનું મંદિર કોણે બંધાવ્યું

શ્રીશ્રીમાલ નગર (આજનું ભીનમાલ) ના સૂર્યવંશી પરમાર રાજાને બે પુત્રો હતા. ભીમસેન અને ચંદ્રસેન. શૈવપૂજક ભીમસેનને બે પુત્રો હતા. શ્રીપુંજ અને ઉત્પલદેવ.પારિવારિક આંતર કલહને કારણે ઉત્પલદેવે ભીનમાલ છોડી દીધું. અને પોતાના ચંદ્રવંશીય મિત્ર ઉહડદેવ સાથે ભ્રમણ કરતા કરતા મેલપુર પટ્ટણ (આજનું મારવાડ) પાસેના આઉઆ નગરે આવ્યા. અહીં પ્રતિહાર રાજાઓનું રાજ્ય હતું.આઉઆ નગર મહારાજા સંગ્રામસિંહજીએ તેમના પહેરવેશ પરથી કોઇ રાજવી હશે તેમ વિચારી તેમનો આદર સત્કાર કરી નગરપ્રવેશ કરાવ્યો અને પોતાની પુત્રી જવાલાદેવીનું પાણિગ્રહણ (લગ્ન) કરવા આગ્રહ કર્યો. પરંતુ ઉત્પલદેવે થોડો સમય પગભર થઇ જવાનો વિચાર વ્યકત કર્યો અને પોતાને સ્વબળે પોતાનું રાજ્ય સ્થાપે પછી જ પાણિગ્રહણ કરશે તેવી ભાવના વ્યકત કરી. કેટલાક સમય પછી ઉત્પલદેવે આઉઆથી પ્રયાણ કર્યુ. આઉઆથી પ્રયાણ કરીને તેઓ ૬૦-૬૨ ગાઉ દૂર પશ્ચિમ દિશાએ આશરે ૨૦૦ કિલોમીટરના વિશાળ દરિયાકિનારા પાસેના વિશાળ ભૂમિપટ પાસે આવે છે. આ જગ્યા તેમને ખૂબ જ ગમી ગઇ કારણ કે દરિયાકિનારાને કારણે વેપાર-ધંધા ઝડપથી વિકસે આથી તેમણે ત્યાં જ નગર વસાવવાનું નક્કી કર્યુ. અને સંગ્રામસિંહજી પાસે ભેટમાં મેળવી. આમ તેમણે અહી નગર વસાવીને પોતાના મિત્ર ઉહડદેવને મહામંત્રી તરીકે નિયુક્ત કર્યા. દરિયાકિનારાને કારણે થોડાક જ સમયમાં આ નગર ધમધમતું થઇ ગયું અને અનેકલોકો ત્યાં આવીને વસ્યા. આમ આ નગર ટૂંકાગાળામાં સમૃદ્ધ થઇ ગયું. થોડાક સમય પછી ઉત્પલદેવે રાજકુમારી જવાલાદેવી સાથે પાણિગ્રહણ કરી સંસાર માંડયો. ઉત્પલદેવે રાજા પરમાર વંશીય હતાં અને ચામુંડાદેવી તેમની અધિષ્ઠાત્રી (કુળદેવી) હતી. ચામુંડામાતાએ પરમાર રાજા ઉત્પલદેવની ભક્તિથી પ્રસન્ન થઇને મેલપુર પટ્ટણ (તેમણે વસાવેલ ઉપકેશપુર) માં આવેલ નવલખા તળાવમાં રહેલ ખજાનાનો નિર્દેશ કર્યો હતો. જેનાથી ઉત્પલદેવરાજાએ ચામુંડામાતાનું મંદિર બંધાવ્યુ હતું અને ઉપકેશપુર નગર વસાવ્યુ હતું આમ આજનું સચ્ચિયાયમાતાનું મંદિર બંધાવનાર ઉત્પલદેવ રાજા હતાં.જેમણે પાછળથી આચાર્ય શ્રી રત્નપ્રભસૂરીશ્વરજીની પાસે જૈન ધર્મ અંગીકાર કર્યો અને સમય જતાં દીક્ષા પણ લીધી હતી. તેઓ શ્રી રત્નપ્રભસૂરીશ્વરજી દ્વિતિય તરીકે જાણીતા બન્યાં.

## ઓસિયા નામ કેવી રીતે પડ્યું

મારવાડીમાં ઓસલાં એટલે શરણ. ઉત્પલદેવ રાજા પ્રતિહાર રાજાના શરણે ગયા એટલે તેમણે વસાવેલ નગરનું નામ ઓસિયા પડયું. આચાર્યશ્રીરત્નપ્રભસૂરીશ્વરજીના ઉપદેશથી લગભગ એક લાખ પચીસ હજાર ક્ષત્રિયો રાજપુતોએ જૈન ધર્મ અંગીકાર કર્યો. આ ક્ષત્રિયો મહાજન તરીકે ઓળખાવા લાગ્યા. આ મહારાજનો ઉપકેશ નગરીના હોવાથી ઉપકેશીય અથવા ઉકેશ વંશના કહેવાતા હતા. જે સમય જતા ઓસ અથવા ઓસવાળ તરીકે પ્રસિદ્ધ થયા અને આ ગામ ઓસવાળોની મોટાભાગની વસ્તીને કારણે ઉપકેશપુરને બદલે ઓસિયા તરીકે ઓળખાવા માંડયું. આજનું ઓસિયા પહેલા મરૂધર,મેલપુર પટ્ટણ, ઉપકેશપુર, નવનેરી તરીકે ઓળખાતું હતું "ઓસવાલ ઉત્પત્તિ" શીર્ષકવાળાં હસ્તલિખિત પત્રમાં ઉહડ મંત્રી દ્રારા સં ૧૦૧૧ માં ઓસિયા વસાવ્યાનો અને સં.૧૦૧૭ માં મંદિર બંધાવ્યાનો ઉલ્લેખ છે.

## ઓસવાળો ઓસિયામાં રાત કેમ નથી રોકાતા

ઓસિયામાં આચાર્ય શ્રી રત્નપ્રભસૂરીશ્વરજી દ્વારા સ્થાપિત થયેલ ભગવાન શ્રી મહાવીર સ્વામીજીની પ્રતિમાને સમય કરતા વહેલા બહાર કાઢવામાં આવતાં તેમની છાતી ઉપર બે ગાંઠો રહી ગઇ હતી. આચાર્યશ્રીના સ્વર્ગારોહણ પછીના કેટલાક વરસો બાદ ઓસવાળોએ વિચાર કર્યો કે આ ગાંઠો મીટાવી દેવી. તે માટે મિસ્ત્રીને બોલાવવામાં આવ્યો અને જયાં મિસ્ત્રી ભગવાનની ગાંઠો મીટાવવા જાય છે. ત્યાં જ એ ગાંઠોમાંથી લોહી નીકળવા માંડયુ અને એ મિસ્ત્રી ત્યાં જ મરી ગયો. આ જોઇને સંઘે કામ તરત જ બંધ કરાવી દીધું. રાત્રે દેવીએ નગરજનોને તાત્કાલિક ગામ ખાલી કરીને જતાં રહેવાનુંકહ્યું. આથી દેવીના શ્રાપના ભયથી ત્યાંના ઓસવાળ પરિવારો રાતોરાત ગામ છોડીને જતાં રહ્યાં, ત્યારથી કોઇ ઓસવાળ પરિવાર અહીં રાત નથી રોકાતું. નગરજનોએ કેટલાક સમય પછી આ ઘટના આચાર્ય શ્રી રત્નપ્રભસૂરીશ્વરજીની પાટે આવેલા આચાર્યશ્રી કક્વસૂરીશ્વરજીને કરી. આચાર્યશ્રીકક્વસૂરીશ્વરજીએ ઓસિયાં આવીને અષ્ટ પ્રકારી પુજા અને અભિષેક કરીને માતાને પ્રસન્ન કરી અને માતા પાસે લોકોને અભયદાન અપાવ્યું, છતાં પણ ડરના માર્યા કોઇ પણ ઓસવાળ પરિવાર ઓસિયામાં પાછા ફરવા તૈયાર ન થયું. આજે પણ દેશના દરેક ભાગમાંથી શુભપ્રસંગે ઓસવાળો ઓસિયાદર્શને આવે છે અને અંહી માતાજીના દર્શન કરી અને પ્રસાદ ચઢાવીને ચાલ્યા જાય છે. એક માન્યતા એવી છે કે **જે ઓસવાળે રાત્રે ઓસિયાજીમાં રોકાવું હોય તેણે ફકત માતાજીના દર્શન કરવા પણ પ્રસાદ કે શ્રીફળ ચડાવવા નહીં. પ્રસાદ કે શ્રીફળ ચડાવ્યા બાદ રાત્રે ઓસવાળોએ રોકાવું અશુભ મનાય છે.**

# ઓસિયાના જૂના નગરનો નાશ કેવી રીતે થયો

એક મત મુજબ ઢુંઢોમલ નામના એક સંન્યાસી પોતાના શિષ્ય સમુદાય સાથે આ નગર (આજનું ઓસિયાજી) માં રહેતા હતા. ઢુંઢોમલ અને તેમના શિષ્યો ભીક્ષા માંગીને તેમનો આહાર મેળવતા. એક દિવસ ઘરે-ઘરે ફરવા છતાં ઢુંઢોમલજીના શિષ્યોને એક પણ નગરવાસીઓએ ભિક્ષા ન આપી તેમણે ક્રોધિત થઇને નગરનો નાશ થવાનો શ્રાપ આપ્યો. આમ આ નગર ખેદાન-મેદાન થઇ ગયું.કેટલાય વરસો પછી. ઉત્પલદેવ રાજાએ ફરીથી નગરવસાવ્યુ. જે પાછળથી " ઉપકેશપુર " તરીકે ઓળખાયુ અને સમય જતા ઓસિયા નામે પ્રસિદ્ધ થયું.


# કેટલીક દંતકથાઓ

એક મત મુજબ ચામુંડામાતાએ પરમાર રાજા ઉત્પલદેવની ભક્તિથી પ્રસન્ન થઇને ઉપકેશપુરમાં આવેલ નવલખા તળાવમાં રહેલ ખજાનાનો તેમને નિર્દેશ કર્યોહતો. જેનાથી ઉત્પલદેવ રાજાએ અહી ચામુંડામાતાનું મંદિર બંધાવ્યું હતું અને ઉપકેશપુર નગર વસાવ્યુ હતું.

ચામુંડાદેવીના મંદિરમાં નવરાત્રિની ભારે ધામ-ધૂમથી ઉજ્વણી થતી. હતી. એમાં આ પર્વ સમયે દેવીને કેટલાય બકરાઓ અને ભેંસોનો બલિ ચઢાવવામાં આવતો હતો. આચાર્ય શ્રી રત્નપ્રભસૂરીશ્વરજીએ આ બલી બંધ કરાવ્યો. એને બદલે લોકો પ્રસાદરૂપે મીઠાઇ વંહેચવા લાગ્યા. આનાથી ગુસ્સે ભરાયેલી ચામુંડાદેવીએ આચાર્યશ્રીની આંખોમાં તકલીફ ઉભી કરી. આચાર્ય શ્રીની આંખોમાં તીવ્ર વેદના અને ભારે બળતરા થતી પણ આચાર્યશ્રી ભારે સમતાપુર્વક આ કષ્ટ સહન કરતાં હતાં. આખરે ચામુંડાદેવી હારીને એમની પાસે આવી અને ક્ષમા માંગી. આચાર્યશ્રી એ દેવી પાસે પશુરક્ષા અનેપશુબલિ બંધ કરવાનું વચન માંગી લીધું. આચાર્યશ્રીની પ્રાણીમાત્ર પ્રત્યેની કરુણા જોઇને દેવી પ્રસન્ન થઇ ગયાં અને કહ્યું કે **"હવેથી મારા મંદિરમાં પશુંબલિ ન થાય તો જ હું સાચીદેવી"** આ દિવસથી જનમાનસમાં ચામુંડામાતા સચ્ચિયાય તરીકે ઓળખાય છે.

# ઓસિયામાતાનો મૂળ મંત્ર અને યંત્ર

नँ ऐं ह्रीं कलीं चामुण्डाये विच्चे ।




नँ या देवी सर्वभृतेषु, लक्ष्मी रुपेणा संस्थिता ।
रुपं देहि जयं देहि, यशो देहि द्विषो जहि ॥

# આજના કળિયુગમાં દેવી-દેવતા પોતાનો પ્રભાવ કેમ બતાવતા નથી

**શું આજે ધર્મ-આરાધના ઓછી થઇ ગઇ છે ના............**
**પહેલા કરતા પણ લોકો ધર્મ પ્રત્યે આજે વધુ જાગૃત બન્યા છે.પણ ............**

(૧) આજે મોટા ભાગના ઘરોમાં માસિકના દિવસો પળાતા જ નથી. આભડછેટ ચાલુ જ હોય છે. આ આશાતના જો તમારા ઘરમાં થતી હોય, વળીદેવી-દેવતાના મંદિર કે ગોખ સતત ખુલ્લા રહેતા હોય, દેવી-દેવતાના સ્થાનક-મંદિર બેડરૂમમાં રાખવવાથી પણ આશાતના થાય છે. દેવી-દેવતાને દરરોજ અગરબતી-દીવો ન થતા હોય તો તમે ગમે તેટલી ભક્તિ કરતા હો પણ પરિણામ કયાંથી મળે.

(૨) પહેલાના જમાનામાં ઘરમાં કશુંક પણ ગળ્યું બનાવ્યું હોય તો પહેલા દેવી-દેવતાને નૈવેધ રૂપે ધરાવતા પછી જ તે ગળી વસ્તુ (ખાદ્યપદાર્થ) ઘરનાસભ્યો ખાતાં. આમ દેવી-દેવતાની આમન્યા અને આદર રખાતા હતા.

(૩) ગાય કુતરા-પક્ષી જેવા મૂંગા જીવોને દરેક ઘરોમાંથી નિયમિત ઘાસ, રોટલા ને ચણા નંખાતા હતા. આમ અબોલ જીવોની આંતરડી ઠારવા જેવું પુણ્યજગતમાં એકેય નથી.

(૪) લોકો નિત્ય પ્રભુજીની પૂજા, દર્શન વ્યાખ્યાન (સત્સંગ) , સામાયિક, પ્રતિક્રમણમાં જતા હતા.

(૫) મા-બાપ અને ગુરુનો આદર કરતા અને તેમના અંતરના આર્શીવાદ મેળવતા હતા.

# ॥ શ્રી સચ્ચિયાય માતાની આરતી ॥

## श्री सच्चियाय माताजी की आरती

जय अम्बे गवरी हो मैया जै मंगल मूरति, मैया जय आनन्द करणी ।
तुम को निश दिन ध्यावत, हर ब्रह्मा शिवरी ॥ जय ॥
मांग सिन्दूर बिराजत टीको मृगमद को हो मैया ।
टीको मृगमद को उज्जवल से दोऊ नेना चन्द्र बदन नीको ॥ जय ॥
कनक समान कलेवर रक्तांबर राजे, हो मैया रक्तांबर राजे ।
रक्त पुष्प गल माला, कंठन पर साजे ॥ जय ॥
केहरि वाहन राजत, खडग खप्र धारी ।
सुर नर मुनिजन सेवत, तिनके दुख हारी ॥ जय ॥
कानन कुण्डल शोभित, नासाग्रे मोती ।
कोळीटक चन्द्र दिवाकर, राजत समय ज्योति ॥ जय ॥
शुम्भ निशुम्भ विदारे, महिषासुर धाती ।
धूम्र विलोचन नैया, निशदिन मदमाती ॥ जय ॥
चन्ड मुन्ड संहारे षोणित बीज हरे, हो मैया शोणित बीज हरे ।
मधु कैटभ दो मारे, सुर भयहीन करे ॥ जय ॥
तू ब्रह्माणी तू रुद्राणी मां कमला रानी, है मैया मां कमला रानी ।
आगम निगम बखानी, है तू शिवरानी ॥ जय ॥
तुम ही जग की माता तुम ही हो भरता, है मैया तुम ही हो भरता ।
भक्तन को दुख हरता, सुख सम्मति करता ॥ जय ॥
चौसट योगिनी गावत नृत्य करत भैरु, हो मैया नृत्य करत भैरु ।
बाजत ताल मृदंगा और बाजत डमरु ॥ जय ॥
भुजा चार अति शोभित खडग खप्रधारी, हो मैया खडग खप्र धारी ।
मन वाँछित फल पावत, सेवत नर नारी ॥ जय ॥
कंचन थाल विराजत अगर कपूर बाती, हो मैया अगर कपूर बाती ।
श्री मालकेतु में राजत, कोटि रतन ज्योति ॥ जय ॥
श्री सच्चियायजी की आरती जो कोई नर गावे, हो मैया जो कोई नर गावे
भणत शिवानंद स्वामी, सुख सम्पति पावे ॥ जय ।

(મૂળ ઓસિયાજી (રાજસ્થાન)માં આ આરતી પ્રતિદિન ગવાય છે.)

# માતાના દર્શને કેવી રીતે જશો ?

કુળદેવી દર્શન કરવા જાવ ત્યારે કયારયે ખાલી હાથે ના જવાય. તમારે તમારી શક્તિ મુજબ ભક્તિ કરવી જોઇએ. જો તમારી શક્તિ હોય તો

૧) એક શ્રીફળ (છોલ્યા વગરનું) માતાની સામે રમતું મૂકવું.
૨) એક શ્રીફળ માતાની સામે વધેરવું.
૩) માતાને ચડાવવા માટે ચુંદડી, હાર અગરબત્તી, ૧૫૦ ગ્રામ કંકુ,૧૫૦ ગ્રામ સાકર, હીનાના અત્તરની નાની શીશી, મેંદીનું નાનું પડીકું, કપૂર, બંગડી, નાડાછડી, ગાયનું ૧ કિલો ઘી વગેરે લઇ જવું.
૪) અખંડ દીવામાં મૂકવા માટેની દિવેટ (ઘી વાળી) લઇ જવી.
૫) માતાને લાપસી / પેંડા / સુખડીનો પ્રસાદ ધરાવવો.
૬) માતાના ચરણો માં ૧૧ રૂપિયા મૂકવા.
૭) ૧૧ રૂપિયા પૂજારીને બક્ષિસ આપવી.
૮) ૧૧ રૂપિયાનું ગાયને ઘાસ નાંખવું.
૯) ૧૧ રૂપિયાનું ચકલાને ચણ નાંખવું.

ઉપરની દરેક ચીજ ના લઇ જઇ શકો તેમ હો તો એક અગરબત્તીનું પેકેટ. એક શ્રીફળ અને ચુંદડી તથા પ્રસાદના પેંડા લઇ જાવ તો પણ ચાલે.

# ઓસિયાજી કઇ રીતે પહોંચશો ?

● **અમદાવાદ થી જોધપુર જવા:** (૧) સુર્યનગરી એક્ષપ્રેસ (નં.૨૪૮૦) દરરોજ રાત્રે ૨૧ કલાક ૫૦ મિનીટે ( **9 .50 p.m.**) અમદાવાદથી રવાના, બીજે દિવસે સવારે ૬ કલાક ૩૦ મિનીટે (**6.30 a.m.**) જોધપુર પંહોચે છે.
(૨) બાંદ્રા-બિકાનેર (રાણકપુર એક્ષપ્રેસ નં ૪૭૦૮) દરરોજ રાત્રે ૧૨ કલાક ૨૫ મિનીટે (**00.25 a.m**.) રવાના થઈને બીજે દિવસે સવારે ૯ કલાક ૪૦ મિનીટે ( **9.40 a.m**.) જોધપુર પંહોંચે છે.

● **મુંબઈ થી જોધપુર જવા :** બાંદ્રા-બિકાનેર (રણકપૂર એક્ષપ્રેસ નં ૪૭૦૮) દરરોજ બપોરે બાંદ્રાથી ૧૫ કલાકે (**3.00 p.m.**) રવાના થઇને બીજે દિવસે સવારે ૯ કલાક ૪૦ મિનીટે (**9.40 a.m**.) જોધપુર પંહોચે છે.

● **જોધપુરથી ઓસિયાજી જવા :** ઓસિયાજી એ જોધપુર (રાજસ્થાન) થી ઉત્તર દિશાએ આશરે ૬૫ કિલોમીટરના અંતરે જેસલમેર જવાના માર્ગે આવેલ છે. જોધપુર રેલ્વે સ્ટેશનથી સવારે ૮ કલાક ૨૦ મિનીટની (જોધપુર-જેસલમેર) રેલ્વે દ્વારા સીધા જ ઓસિયાજી પંહોચી શકાય છે. ઉપરાંત રાજસ્થાન સ્ટેટ ટ્રાન્સપોર્ટ (**R.T.D.C.**) ની બસ સર્વિસ (દર ૩૦ મિનીટે) દ્વારા પણ ઓસિયાજી જઈ શકાય છે. તેમ જ ફલોદી જતી બસો પણ ઓસિયા થઇને જ જાય છે.

● **ઓસિયાજીથી જોધપુર આવવા :** ઓસિયાજીથી જોધપુર આવવા દર ૩૦ મીનીટે રાજસ્થાન સ્ટેટ ટ્રાન્સપોર્ટ (**R.T.D.C**.) ની બસ સર્વિસ ઓસિયાજી બસ સ્ટેન્ડથી ઉપલબ્ધ છે.

● **જોધપુરથી અમદાવાદ આવવા :** (૧) સુર્યનગરી એક્ષપ્રેસ (નં.૨૪૭૯) દરરોજ સાંજે ૧૮ કલાક ૪૫ મિનીટે (**6.45 p.m.**) જોધપુરથી રવાના, બીજે દિવસે સવારે ૩ કલાંક ૩૦ મિનીટે (**3.30 a.m**.) અમદાવાદ પંહોચાડે છે. (૨) બિકાનેર-બાંદ્રા (રાણકપુર એક્ષપ્રેસ નં ૪૭૦૭) દરરોજ જોધપુરથી બપોરે ૧૪ કલાક ૪૫ મિનીટે (**2.45 p.m**.) રવાના થઈને રાત્રે ૧.૦૫ વાગે (**1.05 a.m.**) અમદાવાદ પંહોચાડે છે.

● **જોધપુર મુંબઇ આવવા :** બિકાનેર-બાંદ્રા (રણકપુર એક્ષપ્રેસ નં૪૭૦૭) દરરોજ જોધપુર બપોરે ૧૫ કલાક ૧૫ મિનીટે (**3.15 p.m**.) રવાના થઈને બીજે દિવસે સવારે ૧૦.૫૦ (**10.50 a.m.**) વાગે બાંદ્રા પંહોચાડે છે.